| | |
|---|---|
| Date of Registration | 28.04.2025 |
| Date of Decision | 04.06.2026 |
| Duration | 01Y 01M 07D |

# IN THE COURT OF ADDITIONAL SESSIONS JUDGE & SPECIAL JUDGE (POCSO), PANCHMAHALS AT HALOL

## SPECIAL POCSO CASE NO. 19 OF 2025

[FIR bearing C.R.No.11207055240631/2024 Registered with Rajgadh Police Station, dated 20.09.2024, for the offences punishable u/s. 137(2), 87, 64(2)(i), 64(2)(m) of the Bharatiya Nyaya Sanhita, 2023 and u/s. 4, 6, 12 of the Protection of Children from Sexual Offences Act, 2012]

| | | |
|---|---|---|
| **STATE OF GUJARAT**<br>Represented by: Ld. Addl. Public Prosecutor Ms. L. R. Sheth. | ) | **COMPLAINANT** |

***VERSUS***

| | | |
|---|---|---|
| **ASHVINBHAI @MADIYO RAMESHBHAI @TETABHAI DAMOR**<br>Age : 25 Years, Occupation : Labour work,<br>Resident of Daudara Velmahudi Faliyu,<br>Ta.Ghoghamba, Dist.Panchmahal. | ) | **ACCUSED** |

**Appearances :-**
**Ms. L. R. Sheth**, learned APP for the State.
**Ms. J. P. Parmar,** learned Advocate for the Accused.

## JUDGMENT

**(DATED : 04.06.2026)**

## Form B

| | |
|---|---|
| Date of Offence | 27.07.2024 to 28.07.2024 |
| Date of FIR | 20.09.2024 |
| Date of Charge-Sheet | 28.04.2025 |
| Date of Framing of Charge | 15.05.2025 |
| Date of Commencement of Evidence | 17.06.2025 |
| Date on which Judgment is Reserved | 04.06.2026 |
| Date of the Judgment | 04.06.2026 |
| Date of the Sentencing Order, if any | - |

## Accused Details

| Sr. No. | Accused | Date of Arrest | Date of Release on Bail | Offence Charged | Whether Acquitted or Convicted | Sentence Imposed | Period of Detention Undergone |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ASHVIN BHAI @MADIYO RAMESH BHAI @TETA BHAI DAMOR | 09.03.25 | 09.05.25 | Sec. 137(2), 87, 64(2)(i), 64(2)(m) of the B.N.S. and u/s. 4, 6, 12 of the POCSO Act. | Acquitted | - | 2 Months |

## Form C

## (List of Witnesses)

## Prosecution Witness

| PW | Name | Nature of Evidence |
|---|---|---|
| 1 | Victim Girl (Exh.09) | Victim |
| 2 | Father of the victim (Exh.11) | Witness |
| 3 | Mother of the victim (Exh.13) | Witness (Complainant) |
| 4 | Dr.Amit Manharlal Tailor (Exh.16) | Gynaecologist, Referral Hospital, Ta.Ghoghamba, Dist.Panchmahal |
| 5 | Rameshbhai Koyabhai Khant (Exh.21) | Principal, Daudra Primary School, Ta.Ghoghamba, Dist.Panchmahal |
| 6 | Sureshbhai Kiransinh Rathod (Exh.28) | I/c. Talati-cum-Mantri, Jorapura Daudra Gram Panchayat, Ta.Ghoghamba, Dist.Panchmahal |
| 7 | Dr.Raviraj Shaileshbhai Asari (Exh.34) | Medical Officer, C.H.C., Ta.Ghoghamba, Dist.Panchmahal |
| 8 | Balkishan @Balo Manubhai Bariya (Exh.37) | Contractor, N.J. Divani Company, Ahmedabad |
| 9 | Shital Balvantbhai Butiya (Exh.55) | Investigating Officer, Rajgadh Police Station |

### 1. Defence Witness

| PW | Name | Nature of Evidence |
|---|---|---|
| - | - | - |

**List of Exhibits)**

**Prosecution Exhibits**

| SR | Exh. | Description |
|---|---|---|
| **1** | **10** | Statement of the victim u/s.183 of the B.N.S.S. before the Additional Chief Judicial Magistrate, Ghoghamba |
| **2** | **12** | Consent Letter given by the father of the victim for medical examination of the victim |
| **3** | **14** | Complaint |
| **4** | **15** | Consent Letter given by the mother of the victim for medical examination of the victim |
| **5** | **17** | Yadi written by the Police Inspector, Rajgadh Police Station to the Medical Officer, Referral Hospital, Ta.Ghoghamba, Dist.Panchmahal for medical examination of the victim, collecting samples and issuing certificate |
| **6** | **18** | MLC Certificate of the victim issued by the Medical Officer, Referral Hospital, Ta.Ghoghamba, Dist.Panchmahal |
| **7** | **19** | Yadi written by the Medical Officer, Referral Hospital & C.H.C., Ta.Ghoghamba, Dist.Panchmahal to the FSL, Vadodara for examination of samples of the victim |
| **8** | **20** | Case papers of the victim issued by the Medical Officer, Referral Hospital & C.H.C., Ta.Ghoghamba, Dist.Panchmahal |
| **9** | **22** | Yadi written by the Police Inspector, Rajgadh Police Station to the Principal, Daudara Primary School, Ta.Ghoghamba, Dist.Panchmahal for providing School Certificate or extract of General Register or Parent Slip of the victim |
| **10** | **23** | Extract of School Certificate of the victim issued by the Principal, Daudara Primary |

| | | |
|---|---|---|
| | | School, Ta.Ghoghamba, Dist.Panchmahal |
| **11** | **24** | Certificate issued by the Principal, Daudara Primary School, Ta.Ghoghamba, Dist.Panchmahal |
| **12** | **25** | Certificate issued by the Principal, Daudara Primary School, Ta.Ghoghamba, Dist.Panchmahal |
| **13** | **26** | Extract of General Register showing Entry No.648 of the victim issued by the Principal, Daudara Primary School, Ta.Ghoghamba, Dist.Panchmahal |
| **14** | **27** | Certificate issued by the Principal, Daudara Primary School, Ta.Ghoghamba, Dist.Panchmahal |
| **15** | **29** | Copy of the Birth Certificate of the victim |
| **16** | **30** | Panchnama of the physical condition and clothes of the accused |
| **17** | **31** | Panchnama of the clothes of the victim |
| **18** | **32** | Panchnama of the physical condition and Arrest Panchnama of the accuseds |
| **19** | **35** | Yadi written by the Police Inspector, Rajgadh Police Station to the Medical Officer, Referral Hospital, Ta.Ghoghamba, Dist.Panchmahal for medical examination of the accused, collecting samples and issuing certificate |
| **20** | **36** | Case papers of the accused issued by the Medical Officer, Referral Hospital & C.H.C., Ta.Ghoghamba, Dist.Panchmahal |
| **21** | **38** | Depute Order |
| **22** | **39** | Yadi written by the PSI, Rajgadh Police Station to the P.S.O., Rajgadh Police Station for registering the offence |
| **23** | **40** | Suchipatra |

| | | |
|---|---|---|
| **24** | **41** | Panchnama of the place of offence |
| **25** | **42** | Yadi written by the Medical Officer, Referral Hospital & C.H.C., Ta.Ghoghamba, Dist.Panchmahal to the Gynaecologist for medical examination of the victim |
| **26** | **43** | Ravangi Patrak and Authority Certificate |
| **27** | **44** | Acknowledgment Letter of the FSL, Vadodara to the Police Inspector, Rajgadh Police Station regarding receiving muddamal |
| **28** | **45** | Forwarding Letter of the FSL, Vadodara to the Police Inspector, Rajgadh Police Station enclosing muddamal examination |
| **29** | **46** | Biology and Serology Examination Report |
| **30** | **47** | Yadi written by the Police Inspector, Rajgadh Ahmedabad Police Station to the Additional District and Sessions Judge and Special Judge (POCSO), Halol regarding addition of the Sections in the FIR |
| **31** | **48** | Yadi written by the Police Inspector, Rajgadh Police Station to the Judicial Magistrate First Class, Ghoghambaa for recording statement of the victim u/s.183 of the B.N.S.S. |
| **32** | **49** | Yadi written by the Police Inspector, Rajgadh Police Station to the Judicial Magistrate First Class, Ghoghambaa for recording statement of the victim u/s.183 of the B.N.S.S. |
| **33** | **50** | Yadi written by the Police Inspector, Rajgadh Police Station to the District Land Records Inspector, Godhra regarding allotment of Government Employees as a panch for conducting panchnama of the offence |
| **34** | **51** | Yadi written by the Deputy Superintendent of Police, Godhra to the Nodal Officer for providing Call Detail Records of the mobile |

| | | |
|---|---|---|
| | | number |
| **35** | **52** | Yadi written by the Deputy Superintendent of Police, Godhra to the Nodal Officer for providing Call Detail Records of the mobile number |
| **36** | **53** | Hand written complaint given by the complainant to the PSI, Rajgadh Police Station |
| **37** | **54** | Yadi written by the Police Inspector, Rajgadh Police Station to the Circle Officer, Ahmedabad for preparing map of the place of offence |

**1. Defence Exhibits**

| Sr. No. | Exh. | Description |
|---|---|---|
| **--** | **--** | ------------------- |

**(Material Objects)**

| **Sr. No.** | **Muddamal Article No.** | **Description** |
|---|---|---|
| 1 | Mark-1 | Pink colour half sleeve top with cream colour design on the sleeve |
| 2 | Mark-2 | Cream colour leggings with floral design |
| 3 | Mark-3 | Gray colour nikar |
| 4 | Mark-4 | Gray colour bra |
| 5 | Mark-5 | Maroon colour full sleeve shirt |
| 6 | Mark-6 | White-blue colour jeans pant |
| 7 | Mark-7 | Marron colour underwear |

## JUDGMENT

**1** An FIR bearing C.R.No.11207055240631/2024 dated 20.09.2024 came to be lodged with Rajgadh Police Station against the present accused for having committed offences punishable under Sections 137(2), 87 of the Bharatiya Nyaya Sanhita, 2023 (**"B.N.S."**) and under Section 12 of the Protection of Children from Sexual Offences Act, 2012 (**"POCSO Act"**).

## Gravamen of the FIR

**2** Gravamen of the FIR is as under :

The FIR is lodged by the mother of the victim on 20.09.2024. It is alleged that the Complainant has four children and the victim is her second child, whose date of birth is 17.02.2007. It is alleged that on the date of incident victim was aged 17 years, 5 months and 10 days. It is alleged that on 27.07.2024 at around 10 o'clock at night, the entire family had gone to bed. It is alleged that when the woke at 4 o'clock in the morning, they found the victim having gone missing. Upon searching for the victim, they came to know that even the accused was not present at his house and hence, they got suspicious that Accused had taken the victim. It is alleged that upon inquiring at the house of the accused they came to know that the accused had gone for labour work and thereafter, through the village heads they tried to search and get the victim back. However, since the victim was not found, the present FIR came to be lodged.

## INVESTIGATION

**3** Pursuant to the registration of the FIR, investigation was conducted by the Police. During the course of investigation, the present accused was arrested. The statement of the victim was recorded and her statement u/s 183 of the B.N.S.S. was got recorded. During the course of investigation, it was revealed that offence under Sections 64(2)(i), 64(2)(m) of the B.N.S. and under Sections 4, 6 of the POCSO Act were also committed. Thus, charge addition report was filed by the Investigating Officer. Panchnamas were drawn by the Police. The victim was got examined by the medical practitioner. Statement of relevant witness were record. Muddamal Articles were seized and sent for forensic analysis. At the conclusion of the investigation, since sufficient evidence was found against the accused, the Police filed charge-sheet against the accused before the Special POCSO Court for having committed offences punishable u/s 137(2), 87, 64(2)(i), 64(2)(m) of the B.N.S. and u/s 4, 6, 12 of the POCSO Act.

## CHARGE-SHEET

**3.1** Pursuant to the filing of the charge-sheet, present Spl. POCSO Case came to be registered. Thereafter, process was issued upon the accused, pursuant to which, the accused appeared before the Court and engaged his Lawyer. Charge-Sheet papers were made available to the accused as per the provisions of Section 207 of the Code.

## CHARGE & PLEA

**3.2** This Court finding sufficient material to frame charge against the accused, was pleased to frame the following charge vide Exhibit-06 against the accused.

**"<u>:: તહોમતનામુ ::</u>**

હું વિવેક નરેન્દ્ર મપારા, એડીશ્નલ સેસન્સ જજ અને સ્પેશ્યલ જજ(પોકસો), હાલોલ આથી તમો આરોપી:-

**અશ્વીનભાઈ ઉર્ફે મડીયો રમેશભાઈ ઉર્ફે ટેટાભાઈ ડામોર,**
ઉ.વ.આ.૨૪,ધંધો:મજુરી,
રહેવાસી:દાઉદરા વેલમહુડી ફળીયુ,
તા.ઘોઘંબા,જિ.પંચમહાલ,

-નાઓ સામે નીચે લખ્યા મુજબ તહોમતનામુ ફરમાવુ છું કે,

૧). તા.૨૭/૦૭/૨૦૨૪ ના ક.૨૨:૦૦ થી તા.૨૮/૭/૨૦૨૪ ના ક.૪:૦૦ વાગ્યાના સુમારે મોજે દાઉદરા,વેલમહુડી ફળીયા ગામેથી આ કામના ફરિયાદીની સગીર વયની ભોગ બનનાર દિકરી ઉ.વ.આ.૧૭ વર્ષ ૫ માસ ૧૦ દિવસના નીને ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી તેમની સંમતિ વગર લલચાવી પટાવી ફોસલાવી લગ્ન તથા જારકર્મ કરવાના ઈરાદે અપહરણ કરી લઈ જઈ ભારતીય ન્યાય સંહિતા (બી.એન.એસ.) કલમ-૮૭,૧૩૭(૨) મુજબના ગુના આ અદાલતની હકુમતમાં કરેલ છે.

૨). ઉપરોકત બનાવ તારીખ અને સ્થળેથી તમો આરોપીએ ભોગ બનનાર સગીરને ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી અમદાવાદ ખાતે લઈ જઈ પત્ની તરીકે રાખી તેની મુકત સંમતિ આપી શકે તેવી સ્થિતિમા ન હોવા છતા અવાર નવાર ભોગ બનનારની મરજી વિરુધ્ધ શારીરીક સંભોગ(બળાત્કાર) કરી ભોગબનનાર ઉપર વારંવાર પ્ર વેશ તથા ઉગ્ર પ્રવેશ જાતિય હુમલો કરી તમોએ ભારતીય ન્યાય સંહિતા (બી.એન.એસ.) કલમ-૬૪(૨)(એમ)) તથા પોકસો એકટની કલમ-૪, ૬, ૧૨ મુજબનો સજાને પાત્ર ગુનો આ અદાલતની હકુમતમા કરેલ છે.

આથી હું આદેશ કરું છું કે, તમારી સામે સદરહું ગુનાની ઈન્સાફી કાર્યવાહી અત્રેની કોર્ટે કરવી.**"**

**3.3** To the aforesaid charge, plea of accused was recorded vide Exhibit-07. The accused pleaded not guilty and demanded to be tried.

## EVIDENCE AT THE TRIAL

**4** Pursuant thereto, the trial commenced wherein the prosecution examined the witnesses and produced the list of documentary evidence as narrated in Schedule reproduced herein above. Gist of oral evidence produced by the prosecution can be summarized as under :-

(a) **PW-1 Victim (Exh.09) :** Since the testimony of victim is of paramount importance, I deem it appropriate to reproduce her entire testimony in verbatim as under :-

**સરતપાસ ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.જી.પી.શ્રી એલ.આર.શેઠ**

આજરોજ ભોગ બનનાર કોઈ ધાક ધમકી,ડર,બીક, લોભ લાલચ કે કોઈ પણ જાતના દબાણ કે શરમ સંકોચ વગર કોર્ટમા જુબાની આપવા માટે આવેલ છે તેવી ખાતરી કર્યા બાદ ભોગ બનનાર સ્વેચ્છાએ, ની:સકોચ પણે લાલચ પ્રલોભન વગર જુબાની આપવા ઈચ્છે છે જેથી ભોગ બનનારનો પુરાવો નોધવામાં આવે છે.

સોગંદ આપ્યા

1) મે દાઉદરા ગામની પ્રા.શાળામાં ધોરણ આઠ સુધી અભ્યાસ કરેલ છે મને લખતાં વાંચતા આવડતું નથી હું અંગુઠો કરું છું.મારી જન્મ તારીખ ૧૭/૦૨/૨૦૦૭છે.મારા પિતા ખેતી કામ તથા કડીયાકામ કરે છે.અમે ત્રણ બહેનો અને એક ભાઈ છીએ જેમાં મારો બીજો નંબર છે અને મારો ભાઈ સૌથી નાનો છે.
2) આ કામનો આરોપી અશ્વિનભાઈ મારા ગામમાં રહે છે તેથી અમે મળતા હતા.આજથી પાંચ વર્ષ અગાઉ હું મારા મોટી બહેન સાથે ડાકોર ગામે કડીયાકામ કરવા ગઈ હતી.ત્યાં અશ્વિન પણ કડીયાકામ કરવા આવેલો હતો.ત્યાં અમે એકબીજા સાથે વાતચીત કરતા હતા અને અમે એકબીજાને પસંદ કરતા હતા.ત્યારબાદ અમે કામ પરથી ઘરે આવ્યા હતા.આ કામનો આરોપી મને અમારા ઘર નજીક જંગલમાં મળવા બોલાવતો હતો તેથી હું તેને જંગલમાં મળવા જતી હતી.ત્યાં અમે બંને જણા વાતો કરતા હતા.અને તેણે મને એક સાદો મોબાઈલ અપાવ્યો હતો.
3) આ મોબાઈલ ફોન ઉપરથી મને ફોન કરીને આજથી એક વર્ષ અગાઉ અશ્વિને મને સવારના જંગલમાં બોલાવી હતી.ત્યારબાદ હું તેને જંગલમાં મળવા ગઈ હતી અને મળ્યા પછી હું પાછી ઘરે આવતી રહી

હતી.મને આ કામના આરોપી અશ્વિને બોલાવેલ તેથી હું ઘરે કોઈને પણ કહયા વગર તેની પાસે ગઈ હતી.કઈ તારીખે ગઈ હતી તે મને યાદ નથી પરંતુ દસ મહિના જેટલો સમય થઈ ગયો હશે.તેના બોલાવવાથી હું ગઈ ત્યારે તેના ઘરની બહાર તે ઉભો હતો.તેથી અમે બંને જણા ઘોઘંબા બસ સ્ટેન્ડ ચાલતા ગયા હતા અને ત્યાંથી અમે બંને જણા પહેલાં પાવાગઢ ગયા હતા અને પાવાગઢથી વડોદરા બસમાં ગયા હતા અને ત્યાંથી અમે જામનગર બસમાં બેસીને ગયા હતા.

4) અમે જામનગર એક મહિના જેટલું રોકાયા હતા.ત્યાં અમે બંને જણા ખેતરમાં રહેતા હતા અને ખેતી કરતા હતા.અને અમે બંને જણા સાથે રહેતા હતા અને પતિ પત્નીની જેમ રહેતા હતા અને શરીરસંબંધ બાંધેલો હતો.

5) થોડા દિવસ પછી અમે બંને જણા વડોદરા આવ્યા હતા.વડોદરા અમે બંને જણા પંદર દિવસ રહયા હતા અને ત્યાં અમે રુમ રાખેલ હતો અને અમે બંને જણા પતિપત્ની તરીકે રહેતા હતા અને તેણે મારી સાથે શરીર સંબંધ બાંધેલો હતો.

6) ત્યાંથી અમે બંને જણા અમદાવાદ આવ્યા હતા કઈ જગ્યાએ આવ્યા હતા તેની મને ખબર નથી પણ ત્યાં સેન્ટરીંગનું કામ ચાલતું હતું અને અમે બંને જણા મજુરીકામ કરતા હતા.અને જ્યાં કામ કરતા હતા ત્યાં અમે બંને રહેતા હતા.ત્યાં એક મોટો પ્લોટ હતો તેમાં અમે બંને સાથે રહેતા હતા.ત્યારબાદ રાજગઢથી પોલીસ ત્યાં આવી હતી અને અમને બંનેને લઈ રાજગઢ પો.સ્ટે.આવી હતી અને ત્યાં મારા માતાપિતાને બોલાવ્યા હતા અને મારી ત્યાં બહેન સાહેબે પુછપરછ કરી હતી અને મે તેના જવાબ આપ્યા હતા.મારી પુછપરછ કરી ત્યારે મારી માતા અને એક મહિલા પોલીસ પણ હાજર હતી.

7) ત્યારબાદ મને ઘોઘંબા સરકારી દવાખાનામાં મેડીકલ તપાસ માટે લઈ ગયા હતા અને લઈ જતાં પહેલાં પોલીસે મારી સંમતિ માંગતાં મે સંમતિ આપી હતી અને ત્યાં મારી મેડીકલ તપાસ થયા પછી બીજે દિવસે મને સવારના પુછેલ કે તમે બનાવ વખતે પહેરેલા કપડાં રજુ કરવાનું જણાવતાં મે પહેરેલા કપડાં એક અલગ રુમમાં જઈ બદલાવીને રજુ કર્યા હતા જેમાં ગુલાબી કલરનું ટોપ,બદામી કલરનો સલવાર, અને રાખોડી કલરની નિકર તથા બ્રા રજુ કરી હતી.

   મને આછા બ્લયુ કલરના કવરમાં શીલબંધ કરેલ મુદ્દામાલ આર્ટીકલ નં.૧,૨,૩,૪ નામ.કોર્ટની પરવાનગીથી શીલ ખોલી તેમાંથી નિકળેલ એક ગુલાબી કલરનું ટોપ,બદામી કલરનો સલવાર, અને રાખોડી કલરની નિકર તથા બ્રા બતાવવામાં આવે છે જે મે પોલીસ સમક્ષ રજુ કરેલ હતા તે જ કપડાં છે.તેમાંથી નિકળેલ પંચોની સહી વાળી કાપલીઓ ને પુરાવામાં રજુ માર્ક.૦૯/૦૧ થી ૦૯/૦૪

8) ત્યારબાદ બે દિવસ પછી હું ઘોઘંબા કોર્ટમાં મારી માતા સાથે ગઈ હતી અને ત્યાં જજ સાહેબે મારી પુછપરછ કરી હતી અને મે તે અંગેના જવાબ આપ્યા હતા અને તેનું લખાણ કરી મને વાંચી સંભળાવેલ હતું અને તેમાં મે અંગુઠાનું નિશાન કરેલ હતું.મને એક શીલબંધ કવર નામ.કોર્ટની પરવાનગીથી ખોલીને બતાવવામાં આવે છે જેમાં મને બી.એન.એસ.એસ.કલમ-૧૮૩ નુ નિવેદન બતાવવામાં આવે છે જેમાં દરેક પાન પર મારા અંગુઠાનું નિશાન થયેલ છે જે હું ઓળખી બતાવું છુ જેને રજુ દા.<u>આંક-૧૦</u> આપવામાં આવે છે.

9) હું આ કામના આરોપીને ઓળખું છું જે આજરોજ નામ.કોર્ટમાં હાજર છે અને કેદી કઠેડામાં કાચની પાછળ બેઠેલો છે.

સરતપાસ પુરી

**ઉલટતપાસ આરોપી તર્ફે વિ.વ.શ્રી જે.પી.પરમાર**

**10)** તે વાત ખરી છે કે હું મોબાઈલનો ઉપયોગ કરતી હતી.તે વાત ખરી છે કે હું ઘરેથી નિકળી ત્યારે મારું સારું નરસું સમજી શકતી હતી અને મારી ઉમર ૧૮ વર્ષ થઈ ગયેલ હતી.તે વાત ખરી છે કે આરોપી અશ્વિન અમારા ગામનો હોવાથી હું તેને ઓળખું છું.તે વાત ખરી છે કે અમારા બંને વચ્ચે એક વર્ષથી પ્રેમ સંબંધ હતો.

**11)** તે વાત ખરી છે કે મે મારા પોલીસ નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે *"અશ્વિન ડામોરને મે મારી પાસેના મોબાઈલ ફોનથી ફોન કરીને જંગલમાં મળવા માટે બોલાવેલ જેથી તે ત્યાં આવેલ અને મે અશ્વિનને કહેલ કે મારા મમ્મી પપ્પા મને બોલ્યા કરે છે અને તને જ્યારે જુવે છે ત્યારે વઢે છે જેથી આપણે ક્યાંક દુર જતા રહીએ,અને તે જ રાતીના મારા ઘરના માણસો સુઈ ગયેલ હોય અમારા ઘરમાંથી સંતાઈને બહાર નિકળી હું આ છોકરા અશ્વિનને મળવા માટે તેના ઘરે ગયેલી."*

**12)** તે વાત ખરી છે કે મારા ઘરની આજુબાજુ પણ મકાનો આવેલા છે.તે વાત ખરી છે કે મારા ઘરના લોકો સુઈ ગયા બાદ મે સ્વેચ્છાએ ઘર છોડેલું.તે વાત ખરી છે કે આ કામનો આરોપી મારા માતાપિતાના ઘરેથી મને મારી મરજી વિરુધ્ધ ભગાડી ગયેલ હોય તેવું બનેલ નથી.તે વાત ખરી છે કે મારું નિવેદન લેવામાં આવ્યું ત્યારે આરોપી કે તેના ઘરના લોકો ધ્વારા કોઈ લોભ લાલચ, પ્રલોભન કે ધમકી આપવામાં આવેલ ન હતી.તે વાત ખરી છે કે મારા કોર્ટ રુબરુ અને પોલીસ રુબરુ તથા મેડીકલ ઓફીસર રુબરુના નિવેદન વખતે આરોપી મારી સાથે ન હતો.

**13)** તે વાત ખરી છે કે આરોપી મજુરી અર્થે બહાર જતો ત્યારે હું ઘરનું કામ કરતી હતી.તે વાત ખરી છે કે અમે જ્યાં રહેતા હતા ત્યાં આજુબાજુ બીજા લોકો પણ રહેતા હતા.તે વાત ખરી છે કે અમે જ્યાં રહેતા હતા ત્યાંથી મે ભાગવાનો પ્રયત્ન કરેલ નહિ કે આરોપીએ મારી સાથે બદકામ કરેલ છે તેવી ફરીયાદ આજુબાજુમાં કોઈને કરેલ નહિ.તે વાત ખરી છે કે પોલીસ કે પંચો રુબરુ મે કોઈ કપડાં રજુ કરેલ નહિ.તે વાત ખરી છે કે કોર્ટમાં નિવેદન લખાવતી વખતે મારા માતાપિતા મારી સાથે આવેલા અને તેઓના જણાવ્યા મુજબ મે નિવેદન લખાવેલ હતું.

**14)** તે વાત ખરી છે કે આરોપીએ કઈ તારીખે કેવી રીતે શરીર સંબંધ બાંધેલો તેવી કોઈ હકીકત મે પોલીસ કે ડોક્ટર સમક્ષ લખાવેલી નહિ.તે વાત ખરી છે કે મે મારા મેડીકલ ઓફીસર રુબરુના નિવેદનમાં લખાવેલ છે કે 'હું અને આરોપી અશ્વિન એક વર્ષથી ઓળખતા હતા,ફોન ઉપર એકબીજા સાથે વાત કરતા હતા અને હું મારી મરજીથી અશ્વિનને મળવા ગયેલી'.

**15)** તે વાત ખરી છે કે આ કામના આરોપીએ મને ક્યારેય લગ્ન કરવાની ના પાડેલ નથી.તે વાત ખરી નથી કે આરોપીએ મારી સાથે ક્યારેય શરીર સંબંધ બાંધેલ ન હોવા છતાં હું મારા માતાપિતા સાથે રહેતી હોવાથી તેઓના જણાવવાથી સોગંદ ઉપર આ હકીકત ખોટી જણાવું છું.

ઉલટ તપાસ પુરી.

ફેર તપાસ નથી.

(b) **PW-2 Father of the Victim (Exh.11) :** Witness is the father of the victim. He deposed as under : -

**સરતપાસ ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.જી.પી.શ્રી એલ.આર.શેઠ**

સોગંદ આપ્યા

1) હું નિરક્ષર છું અને ખેતી કામ કરી મારા પરિવારનું ગુજરાન ચલાવું છું.મારે ત્રણ દિકરીઓ અને એક દિકરો છે.મારી ત્રીજા નંબરની દિકરી ધોરણ ત્રણ સુધી દાઉદરા પ્રા.શાળામાં ભણતી હતી.
2) આજથી એક વર્ષ અગાઉ અમો ઘરના બધા ઘરની ઓસરીમાં લાઈનબંધ ખાટલા ઢાળી સુઈ ગયા હતા અને બીજે દિવસે સવારે ચાર વાગ્યે મારી પત્નીએ મને જગાડીને જણાવેલ કે ભોગબનનાર દિકરી ખાટલામાં નથી તે ક્યાં ગઈ હશે તેવી વાત કરતાં હું જાગી ગયો હતો.ત્યારબાદ અમોએ ઘરની આજુબાજુ,ખેતરોમાં તપાસ કરી પણ દિકરી મળી આવેલ નહિ.
3) ત્યારબાદ થોડા દિવસ પછી અમને ખબર પડી કે અમારા ફળીયામાં રહેતો છોકરો અશ્વિન પણ તેના ઘરે નથી તેથી અમને શંકા પડી કે આ છોકરો મારી ભોગબનનાર દિકરીને લઈ ગયો હશે.ત્યારબાદ અમો તેના ઘરે તપાસ કરવા ગયા ત્યારે તેનું ઘર બંધ હતું પરંતુ તેના કાકાનું ઘર નજીક હોવાથી અમે ત્યાં ગયા અને અમે તેઓને જણવેલ કે મારી ભોગબનનાર દિકરીને તમારો છોકરો અશ્વિન લઈ ગયો છે તેથી મારી ભોગબનનાર દિકરીને શોધી આપો.ત્યારબાદ પણ અમને અશ્વિનના પિતા મળ્યા હતા તેમને પણ અમે અમારી દિકરીને સોપી દેવાનું જણાવેલ પરંતુ તેઓએ દોઢ બે મહિના સુધી અમારી દિકરી સોપી નહિ તેથી રાજગઢ પો.સ્ટેશને જઈ મારી પત્નીએ ફરીયાદ આપી હતી અને તેમાં પોલીસે મારો જવાબ લીધો હતો.
4) મારી ભોગબનનાર દિકરીનો જન્મ તેના મામાના ઘરે થયેલો હતો અને તેના જન્મની નોંધણી તેના મામાએ ગ્રામ પંચાયતમાં કરાવી હતી.
5) ત્યારબાદ છ મહિના પછી રાજગઢ પો.સ્ટે.માંથી ફોન આવેલ કે તમારી ભોગબનનાર દિકરી મળી આવેલ છે તેથી હું અને મારી પત્ની બંને પો.સ્ટેશને ગયા હતા અને ત્યાં ભોગબનનારની પુછપરછ પોલીસે કરી હતી.અને ત્યારબાદ ભોગબનનાર દિકરીની મેડીકલ તપાસ માટે સંમતિ માંગતાં અમોએ સંમતિ આપી હતી જે સંમતિપત્રક આ કામે નિ. ૮/૮ થી રજુ છે જેમાં મારા ડાબા હાથના અંગુઠાનું નિશાન થયેલ છે જેને રજુ <u>દા.આંક-૧૨</u>.ત્યારબાદ ભોગબનનાર દિકરી અમારી સાથે અમારા ઘરે આવી હતી.મે ભોગબનનાર દિકરીઅમારા ઘરેથી જતી રહયા પછી શું થયું તે અંગે મે કોઈ હકીકત તેણીને પુછી ન હતી.

સરતપાસ પુરી.

**ઉલટ તપાસ આરોપી તરફે વિ.વ.શ્રી જે.પી.પરમાર**

6) તે વાત ખરી છે કે મારી દિકરીને કોણ,ક્યાં કેવી રીતે ભગાડી ગયું તે મે નજરે જોયેલ નથી અને તે અંગે મને કોઈ જાત માહિતી નથી.તે વાત ખરી છે કે મારી દિકરી ઘરે આવ્યા બાદ તેણીએ અમને કોઈ હકીકત જણાવેલ નહિ.તે વાત ખરી છે કે હું ગ્રામીણ વિસ્તારમાંથી આવું છું.તે વાત ખરી છે કે ગ્રામીણ વિસ્તારમાં લગ્ન નાની ઉંમરમાં કરવામાં આવે છે.
7) તે વાત ખરી છે કે મારા લગ્નના એકાદ વર્ષ બાદ મારી મોટી દિકરીનો જન્મ થયેલ હતો અને તેના એક વર્ષ બાદ બીજી દિકરી નો જન્મ થયેલો અને તેના એક વર્ષ બાદ ભોગબનનારનો જન્મ થયેલો હતો.તે વાત ખરી છે કે ભોગબનનારનો જન્મ ઘરે થયેલો હતો,હોસ્પિટલમાં થયેલો નહિ.તે વાત ખરી છે કે ભોગબનનારનો જન્મ કરાવનાર દાયણનું નામ સરનામું મે પોલીસને જણાવેલ નહિ.
8) મારા લગ્ન આશરે કેટલા વર્ષ પહેલાં થયેલાં તે મને યાદ નથી.તે વાત ખરી છે કે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા હું તથા મારા ગામના આગેવાનો ગયેલા હતા.તે વાત ખરી છે કે અમારા ઘરની આજુબાજુ

ઘણા મકાનો આવેલા છે.તે વાત ખરી છે કે ગામડામાં લોકો સામાન્ય રીતે ઓસરીમાં સુતા હોય છે.

**9)** તે વાત ખરી નથી કે મારી દિકરીને કોઈ મારા વાલીપણામાંથી ભગાડી ગયું હોય તેવું બનેલ નથી.

ઉલટ તપાસ પુરી.

ફેર તપાસ નથી.

(c) **PW-3 Mother of the Victim (Exh.13) :** Witness is the mother of the victim. She deposed as under : -

**સરતપાસ ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.જી.પી.શ્રી એલ.આર.શેઠ**

સોગંદ આપ્યા

**1)** હું નિરક્ષર છું મારા પતિ ખેતી કામ કરી મારા પરિવારનું ગુજરાન ચલાવે છે.મારે ત્રણ દિકરીઓ અને એક દિકરો છે.ભોગબનનાર દિકરીનો કયો નંબર છે તેની મને ખબર નથી.તે દાઉદરા ખાતે આવેલ સ્કુલમાં ભણતી હતી.તે સ્કુલનું નામ મને ખબર નથી.ભોગબનનાર દિકરીની જન્મ તારીખ મને ખબર નથી.

**2)** બનાવ આજથી એક વર્ષ અગાઉ બનેલો તે વખતે અમો ઘરના બધા ઘરની ઓસરીમાં લાઈનબંધ ખાટલા ઢાળી સુઈ ગયા હતા અને બીજે દિવસે સવારે ચાર વાગ્યે હું જાગી ત્યારે ભોગબનનાર દિકરીને ખાટલામાં જોઈ નહિ તેથી મે મારા ઘરવાળાને જગાડયા હતા અને મે કહયું કે ભોગબનનાર દિકરી જોવા મળતી નથી ત્યારબાદ અમોએ ઘરની આજુબાજુ,ખેતરોમાં તપાસ કરી પણ દિકરી મળી આવેલ નહિ.

**3)** ત્યારબાદ થોડા દિવસ પછી અમને ખબર પડી કે અમારા ફળીયામાં રહેતો છોકરો અશ્વિન પણ તેના ઘરે નથી તેથી અમને શંકા પડી કે આ છોકરો મારી ભોગબનનાર દિકરીને લઈ ગયો હશે.ત્યારબાદ અમો તેના ઘરે તપાસ કરવા ગયા ત્યારે તેનું ઘર બંધ હતું પરંતુ તેના કાકાનું ઘર નજીક હોવાથી અમે ત્યાં ગયા અને અમે તેઓને જણવેલ કે મારી ભોગબનનાર દિકરીને તમારો છોકરો અશ્વિન લઈ ગયો છે તેથી મારી ભોગબનનાર દિકરીને શોધી આપો.ત્યારબાદ પંદર દિવસ પછી અમને અશ્વિનના પિતા મળ્યા હતા તેમને પણ અમે અમારી દિકરીને સોપી દેવાનું જણાવેલ પરંતુ તેઓએ દોઢ બે મહિના સુધી અમારી દિકરી સોપી નહિ તેથી મે રાજગઢ પો.સ્ટેશને જઈ ફરીયાદ આપી હતી.મને નિ.૮/૪ થી રજુ ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તેમાં મારા જમણા હાથના અંગુઠાનું નિશાન છે જેને રજુ <u>દા.આંક-૧૪</u>.મારી ભોગબનનાર દિકરીનો જન્મ મારા પિતાના ઘરે થયો હતો.

**4)** મે ફરીયાદ આપી ત્યારે ભોગબનનાર દિકરીના આધારકાર્ડની નકલ તથા તેના જન્મના દાખલાની નકલ પણ પોલીસને આપી હતી.

**5)** ત્યારબાદ આઠ મહિના પછી રાજગઢ પો.સ્ટે.માંથી મારા ઘરવાળા ઉપર ફોન આવેલ કે તમારી ભોગબનનાર દિકરી મળી આવેલ છે તેથી હું અને મારા પતિ બંને પો.સ્ટેશને ગયા હતા અને ત્યાં ભોગબનનારની પુછપરછ પોલીસે કરી હતી.અને ત્યારબાદ ભોગબનનાર દિકરીની મેડીકલ તપાસ માટે સંમતિ માંગતાં અમોએ સંમતિ આપી હતી જે સંમતિપત્રક આ કામે નિ.૮/૭ થી રજુ છે જેમાં મારા જમણા હાથના અંગુઠાનું નિશાન થયેલ છે જેને રજુ <u>દા.આંક-૧૫</u>.ત્યારબાદ ભોગબનનાર દિકરી અમારી સાથે અમારા ઘરે આવી હતી.મે ભોગબનનાર દિકરી અમારા ઘરેથી જતી રહયા પછી શું થયું તે અંગે મે કોઈ હકીકત તેણીને પુછી ન હતી.

સરતપાસ પુરી.

**ઉલટ તપાસ આરોપી તરફે વિ.વ.શ્રી જે.પી.પરમાર**

**6)** તે વાત ખરી છે કે મારી દિકરીને કોણ,ક્યાં કેવી રીતે ભગાડી ગયું તે મે નજરે જોયેલ નથી અને તે અંગે મને કોઈ જાત માહિતી નથી.તે વાત ખરી છે કે મારી દિકરી ઘરે આવ્યા બાદ તેણીએ અમને કોઈ હકીકત જણાવેલ નહિ.તે વાત ખરી છે કે હું ગ્રામીણ વિસ્તારમાંથી આવું છું.તે વાત ખરી છે કે ગ્રામીણ વિસ્તારમાં લગ્ન નાની ઉમરમાં કરવામાં આવે છે.

**7)** તે વાત ખરી છે કે ભોગબનનારનો જન્મ ઘરે થયેલો હતો,હોસ્પિટલમાં થયેલો નહિ.તે વાત ખરી છે કે ભોગબનનારનો જન્મ કરાવનાર દાયણનું નામ સરનામું મે પોલીસને જણાવેલ નહિ.

**8)** તે વાત ખરી છે કે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા હું તથા મારા ગામના આગેવાનો ગયેલા હતા.તે વાત ખરી નથી કે મારી દિકરીને કોઈ મારા વાલીપણામાંથી ભગાડી ગયું હોય તેવું બનેલ નથી.

ઉલટ તપાસ પુરી.

ફેર તપાસ નથી.

(d) **PW-4 Dr.Amit Manharlal Tailor (Exh.16) :** Witness is the Gynaecologist at Referral Hospital, Ta.Ghoghamba, Dist.Panchmahal. He deposed as under : -

**સરતપાસ ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.જી.પી.શ્રી એલ.આર.શેઠ**

સોગંદ આપ્યા.

**1)** હું તા. ૧૦/૦૩/૨૫ ના રોજ હું રેફરલ હોસ્પિટલ,ઘોઘંબા ખાતે મારી ફરજ પર હાજર હતો ત્યારે વુ.પો.કો.રેખાબેન ભાવસિંગભાઈ બ.નં. ૦૧૦૮૧ ધ્વારા ભોગબનનાર જેની ઉમર ૧૭ વર્ષ ૦૫ મહિના ૧૦ દિવસ દર્શાવેલ હતી તેને મેડીકલ તપાસ માટે યાદી સાથે લાવવામાં આવેલી હતી જે યાદી આ કામે નિ. ૮/૨૦ થી રજુ છે જેમાં રીસીવ કરનાર તરીકે મારી સહી છે જેને રજુ <u>દા.આંક-૧૭</u>.

**2)** ભોગબનનારની શારીરીક તપાસ કરતાં અગાઉ તેની સંમતિ લેવામાં આવી હતી અને તેમાં તેના જમણા હાથના અંગુઠાનું નિશાન કરેલ હતું.તેણીના ઓળખના ચિન્હોમાં ડાબા હાથના ઉપરના ભાગમાં '***' નું ટેટું માર્ક હતું.જમણા હાથના કોણીના ઉપરના ભાગમાં કાળો તલ હતો.તપાસ કરતાં અગાઉ તે સભાનાવસ્થામાં હતી અને સહયોગ આપતી હતી.તેણીની ઉંચાઈ ૧૪૭.૫ સેમી.વજન ૩૬ કિ.ગ્રા, તેણીનો બાંધો, અવાજ, ચાલ, અને વર્તન સામાન્ય હતા.તે સ્નાન કરીને અને કપડાં બદલીને આવેલ હતી.

**3)** તેણીના શરીરના બાહય ભાગે કોઈ ઈજાના નીશાન ન હતા કે તેણીને કોઈ રોગ ન હતો.તેણીના લીબીયા માયનોરા અને મેજોરા,ક્લીટોરીયસ અને વજાયના તથા ગુપ્ત ભાગના વાળ વિકાસ પામવાના સ્ટેજ પર હતા.આ અંગેનું ફીઝીકલ એક્ઝામીનેશન રીપોર્ટ મે તૈયાર કર્યો હતો જે આ કામે નિ. ૮/૨૧ થી રજુ છે જે મારા હસ્તાક્ષરમાં છે અને તેમાં મારી સહી અને હોદ્દાનો સીક્કો છે જેને રજુ <u>દા.આંક-૧૮</u>.મે ભોગબનનારના નીચે મુજબના સેમ્પલ લીધા હતા જેમાં લાળ,સાદું લોહી, ઈ.ડી.ટી.એ.વાળું લોહી, ગુપ્ત ભાગના વાળ, નખ, વજાયનલ સ્વોબ લીધેલ જે લઈ શીલ કરીને આવનાર

વુ.પો.કો.ને એફ.એસ.એલ.અધિકારીને મોકલવા માટે આપેલ હતા.મે તે અંગે એફ.એસ.એલ.અધિકારી વડોદરાનો ફોર્વડીંગ લેટર લખેલ હતો અને આવનાર વુ.પો.કો.ને આપેલ હતો જે ફોર્વડીંગ લેટર આ કામે નિ. ૮/૨૩ થી રજુ છે તેમાં મારી સહી અને હોદ્દાનો સીક્કો છે જેને રજુ <u>દા.આંક-૧૯</u>.

4) ભોગબનનારની ગાયનેક તપાસ મે કરેલ હતી જેમાં ભોગબનનારની હિસ્ટ્રી પુછતાં તેણીના લખાવ્યા મુજબની હિસ્ટ્રી મે ગુજરાતીમાં અક્ષરશઃ લખી લીધી હતી.તેણીએ છેલ્લું સ્નાન બે દિવસ પહેલાં કર્યુ હતું અને તેણીએ છેલ્લો શારીરીક સંબંધ બે દિવસ અગાઉ બાંધેલ હતો.તેણીનો યુ.પી.ટી.ટેસ્ટ નેગેટીવ હતો.મે જ્યારે તેણીના નમુના લીધા ત્યારે મે તેણીને સમજ આપી હતી અને સેમ્પલ લેતાં પહેલાં મે ભોગબનનારની સંમતિ લીધી હતી.મારા અભિપ્રાય મુજબ ભોગબનનારે આરોપી સાથે શારીરીક સંબંધ બાંધેલાનું નકારી શકાય નહિ.

5) તેમજ મે તે અંગે અલગ પેપરમાં મારો અભિપ્રાય જણાવેલ હતો જેમાં જણાવેલ કે ભોગબનનારની તમામ શારીરીક ચકાસણી કરી તથા રીપોર્ટને ધ્યાનમાં લઈ ભોગબનનારની ઉ.વ.૧૮ વર્ષની સાથે શારીરીક સંબંધ બાંધેલ હોય તે નકારી શકાય નહિ.ભોગબનનારે તેની જન્મ તારીખ ૧૭/૦૨/૨૦૦૭ મને જણાવેલ હતી.આ અંગેના કેસ પેપર્સ આ કામે નિ.૮/૨૪ થી રજુ છે જે મારા હસ્તાક્ષરમાં લખાયેલ છે તેમાં મારી સહી અને હોદ્દાનો સીક્કો છે જેને રજુ <u>દા.આંક-૨૦</u>.

6) મે ભોગબનનારની શારીરીક તપાસ કરી તે વખતે તેણીના જણાવ્યા મુજબ તેની ઉંમર ૧૮ વર્ષ લખાવેલ હતી.તેણીનું બ્લડગૃપ એ.બી.પોઝીટીવ હતું.

સરતપાસ પુરી

**ઉલટ તપાસ આરોપી તરફે વિ.વ.શ્રી જે.પી.પરમાર**

7) તે વાત ખરી છે કે ભોગબનનારને પોલીસ યાદી સાથે મેડીકલ તપાસ માટે લાવવામાં આવેલ હતા.તે વાત ખરી છે કે ભોગબનનારે તેની હિસ્ટ્રીમાં આરોપી સાથે પ્રેમ સંબંધ હોવાનું જણાવેલ હતું.તે વાત ખરી નથી કે ભોગબનનારના સેકન્ડરી સેક્સ્યુઅલ કેરેક્ટર્સ વિકસીત થયેલા હતા.તે વાત ખરી છે કે ભોગબનનારે તેની સાથે કોઈ બળજબરી થયાનું હિસ્ટ્રીમાં જણાવેલ નથી કે તેવું મારી તપાસમાં પણ જણાયેલ નથી.

8) તે વાત ખરી છે કે ભોગબનનારના વજાયનલ સ્વોબમાં કોઈ જીવીત કે મૃત શુક્રાણું જોવા મળેલ નહિ.ભોગબનનારના શરીર ઉપર આંતરીક કે બાહય ઈજાના નિશાન ન હતા કે લોહી વિર્યના ડાઘ જોવા મળેલ નહિ.તે વાત ખરી છે કે ભોગબનનારના આંતરીક અને બાહય અવયવો વિકસીત થયેલા હતા.

ઉલટ તપાસ પુરી.

ફેર તપાસ નથી.

(e) **PW-5 Rameshbhai Koyabhai Khant (Exh.21) :** Witness is the Principal of Daudara Primary School, Ta.Ghoghamba, Dist.Panchmahal. He deposed as under : -

**સરતપાસ ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.જી.પી.શ્રી એલ.આર.શેઠ**

સોગંદ આપ્યા.

1) મે બી એ બી.એડ.સુધી નો અભ્યાસ કરેલ છે હું દાઉદ્દા વર્ગ,પ્રા.શાળા,ખાતે સને.૨૦૦૭ થી આચાર્ય તરીકે ફરજ બજાવું છું.

2) મારી પાસે આ કામે ભોગબનનારની જન્મ તારીખનો દાખલો લેવા માટે પોલીસ યાદી સાથે પોલીસ આવેલી હતી જેથી મે રાજગઢ પો.સ્ટે.ના પી.એસ.આઈ.શ્રી ને અમારી શાળાનું જનરલ રજીસ્ટર જોયા પછી અમારી શાળાના લેટરપેડ ઉપર વિગત લખીને યાદી લખી હતી જે યાદી આ કામે નિ.૮/૧૪ થી રજુ છે જેમાં રીસીવ કરનાર તરીકે મારી સહી છે જેને રજુ <u>દા.આંક-૨૨</u>.

3) અમારી શાળાના જનરલ રજીસ્ટર માં મે ભોગબનનારની જન્મ તારીખ ૦૯/૦૪/૨૦૦૮ વાલી સર્ટી.નં.૨૨ દાખલ કર્યા તારીખ ૧૪/૦૮/૨૦૧૩ ,જન.રજી.નં.૬૪૮ અને તે ધોરણ આઠ પાસ કરી ઉપલું ધોરણ ન હોવાથી તા.૦૭/૦૬/૨૦૨૧ ના રોજ શાળામાંથી સર્ટી.આપી નામ કમી કરેલ છે.

4) ભેગબનનારને પ્રવેશ આપવામાં આવ્યો ત્યારે તેના વાલી તરીકે તેના પિતા સરતાનભાઈ આવ્યા હતા અને તેઓએ પ્રવેશફોર્મનો નમુનો ભર્યો હતો.જેમાં જણાવ્યા મુજબની હકીકત અમારા જનરલ રજીસ્ટરમાં લખવામાં આવી હતી જેના આધારે મે પ્રા.શાળાના વયપત્રકનો ઉતારો આવનાર પોલીસ કર્મચારીને આપ્યો હતો જેમાં ભોગબનનારની જાતી હિન્દુ ભીલ ડામોર લખેલ હતું તેમજ તેણીનું જન્મ સ્થળ દાઉદ્દા,તા.ઘોઘંબા,જણાવેલ અને તેમાં જન્મ તારીખ ૦૯/૦૪/૨૦૦૮ લખેલ જેમાં માતાનું નામ ટીનીબેન લખેલ છે જે પ્રા.શાળાનો વય પત્રકનો ઉતારો નિ. ૮/૧૫ થી રજુ છે જે અમારી શાળાના જન.રજીસ્ટરના આધારે આપવામાં આવેલ છે જેમાં મારી સહી અને હોદ્દાનો સીક્કો છે જેને રજુ <u>દા.આંક-૨૩</u>.

5) તેમજ મે અમારી શાળાના લેટરપેડ ઉપર ભોગબનનાર અમારી શાળામાં કેટલું ભણ્યા હતા તે અંગેની હકીકત લખીને આપી હતી જે આ કામે ન. ૮/૧૬ થી રજુ છે જે અમારી શાળાના જન.રજીસ્ટરના આધારે આપવામાં આવેલ છે જેમાં મારી સહી અને હોદ્દાનો સીક્કો છે જેને રજુ દા.આંક-<u>દા.આંક-૨૪</u>.

6) તેમજ ભોગબનનારના જન્મ અંગેનો દાખલો અમારી શાળાના જનરલ રજીસ્ટર જોઈને લખી આપેલ જે જે આ કામે ન.૮/૧૭ થી રજુ છે જે અમારી શાળાના જન.રજીસ્ટરના આધારે આપવામાં આવેલ છે જેમાં મારી સહી અને હોદ્દાનો સીક્કો છે જેને રજુ દા.આંક-<u>દા.આંક-૨૫</u>.

7) અમારી સ્કુલનું અસલ જનરલ રજીસ્ટર આજરોજ હું સાથે લાવેલ છું અને આ જનરલ રજીસ્ટર અમારી સ્કુલમાં નિભાવવામાં આવતું વિધ્યાર્થીઓનું કાયમી રજીસ્ટર છે.જે રજીસ્ટરમાં એન્ટ્રી નં.૬૪૮ પર ભોગબનનારનું નામ લખેલ છે તેની ખરી નકલ મારી સહી સીક્કા વાળી મે પોલીને આપી હતી જે આ કામે નિ.૮/૧૮ થી રજુ છે જેમાં મારી સહી છે અને હોદ્દાનો સીક્કો થયેલ છે જે હું ઓળખી બતાવું છું જેને પુરાવામાં રજુ <u>દા.આંક-૨૬</u>.

8) ભોગબનનારને અમારી શાળામાં પ્રવેશ આપ્યો ત્યારે વાલીએ પ્રવેશ ફોર્મ ભરેલ જેમાં જન્મ તારીખ ૦૯/૦૪/૨૦૦૮ લખેલ જે અંગે કોઈ જન્મનો આધાર પુરાવો આપેલ ન હતો પરંતુ વાલીના લખાવ્યા મુજબ જન્મ તારીખ લખેલ હતી.તે અંગેનો જાતી અંગેનો દાખલો મે પોલીસને આપેલ હતો જે આ કામે નિ.૮/૧૯ થી રજુ છે જેમાં મારી

સહી છે અને હોદ્દાનો સીક્કો થયેલ છે જે હું ઓળખી બતાવું છું જેને પુરાવામાં રજુ <u>દા.આંક-૨૭.</u>

સરતપાસ પુરી.

**ઉલટતપાસ આરોપી તર્ફે વિ.વ.શ્રી જે.પી.પરમાર**

9) તે વાત ખરી છે કે ભોગબનનારને અમારી શાળામાં દાખલ કરતી વખતે તેણીના જન્મનો દાખલો રજુ કરવામાં આવેલ ન હતો.તે વાત ખરી છે કે ભોગબનનારના વાલીની મૌખીક સુચનાથી જન્મ તારીખ લખેલી.તે વાત ખરી છે કે આજરોજ હું અમારી શાળાના રેકર્ડના આધારે જુબાની આપી રહેલ છું.

ઉલટતપાસ પુરી.

ફેરતપાસ નથી.

(f) **PW-6 Sureshkumar Kiransinh Rathod (Exh.28) :** Witness is the I/c.Talati-cum-Mantri, Jorapura Daudra Gram Panchayat, Ta.Ghoghamba, Dist.Panchmahal. He deposed as under : -

**<u>સરતપાસણી ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એલ.આર.શેઠ</u>**

1) મે ધોરણ બાર સુધીનો અભ્યાસ કરેલો છે. તા.૧/૫/૨૦૧૭ થી મને ગોદરી, તા. ઘોઘંબામાં તલાટી કમ મંત્રી તરીકે નિમણુક મળતા મે ત્યાં ફરજ બજાવવાનુ શરુઆત કરેલી અને હાલ હુ ગોદરી મુકામે તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવુ છુ. તા.૨૦/૮/૨૦૨૫ થી હુ કાનપુર – ૨ સેજો ગ્રામ પંચાયત જોરાપુરા દાઉદરા ગ્રામ પંચાયતમાં ઈન્ચાર્જ તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવુ છુ. સદર ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા ત.ક.મંત્રી ત્રીભુવનદાસ નવીનભાઈ મોર્યા તાલીમ અર્થે સાદરા મુકામે ગયેલા હોવાથી તેમનો ચાર્જ મે સંભાળેલો છે.

2) આજરોજ મને સમન્સ બજતા હુ નામદાર કોર્ટમાં આવેલ છુ અને સને ૨૦૦૭ નુ જન્મ મરણ રજીસ્ટર હુ લાવેલ છુ. જેમાં ૧ થી ૧૮ પાનાનુ રેકર્ડ અમારી પાસે ઉપલબ્ધ નથી તેથી ભોગ બનનારનો જન્મ તા.૧૭/૨/૨૦૦૭ ના રોજ થયેલ છે તે અંગેનુ પાન અમારા રેકર્ડ ઉપર નથી. તા.૩૦/૬/૨૦૦૭ ના રોજની નોંધણી થયા પછીની નોંધણી છે. જયારે આ કામે તા.૧૯/૨/૨૦૦૭ ના રોજ નોંધણી થયેલી છે તેથી અમારા રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. મને **<u>નીશાની ૮/૬</u>** વાળુ જન્મના પ્રમાણપત્રની ઝેરોક્ષ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે ભોગ બનનારનો જન્મ તા.૧૭/૨/૨૦૦૭ ના રોજ થયેલો છે અને તેની નોંધણી તા.૧૯/૨/૨૦૦૭ ના રોજ કરવામાં આવેલી છે. તેણીનુ જન્મ સ્થળ દાઉદરા બતાવેલ છે અને તેમાં ભોગ બનનારના માતા પિતાનુ અને ભોગ બનનારનુ નામ લખવામાં આવેલ છે. જેમાં ત.ક.મંત્રીની સહી અને સીકકા છે. જેને રજુ દાખલ **<u>આંક – ૨૯</u>** આપવામાં આવે છે.

3) આ કામે જન્મ રજીસ્ટરના સને ૨૦૦૭ ના રજીસ્ટરમાં અનુક્રમ નં. ૧ થી ૧૮ નુ પાન ઉપલબ્ધ નથી તે અંગે કોઈ જગ્યાએ ફરીયાદ અથવા તો ઉપલા અધિકારીઓને જાણ કરી હોય તેની મને જાણ નથી અને આ અંગેનુ રેકર્ડ મે તપાસેલ નથી.

**સરતપાસ પુરી**

**<u>ઉલટ તપાસ આરોપી તરફે વિ.વ.શ્રી જે.પી.પરમાર</u>**

4) એ વાત ખરી છે કે ભોગ બનનારની જન્મની નોધણી મે કરેલી નથી અને આ નોંધણી કયા પુરાવાઓના આધારે કરવામાં આવેલી તેની મને જાત માહીતી નથી. એ વાત ખરી છે કે જન્મ રજીસ્ટર સને ૨૦૦૭ ના અનુક્રમ નં. ૧ થી ૧૮ ના પાના મળી આવેલા નથી. એ વાત ખરી છે કે ભોગ બનનારની જન્મ તારીખ સાચી છે કે ખોટી તે હુ કહી શકુ નહી.

ઉલટતપાસ પુરી.

ફેર તપાસ નથી.

**(g) PW-7 Dr.Raviraj Shaileshbhai Asari (Exh.34) :** Witness is the Medical Officer, C.H.C., Ta.Ghoghamba, Dist.Panchmahal. He deposed as under : -

**સરતપાસ ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.જી.પી.શ્રી એલ.આર.શેઠ**

સોગંદ આપ્યા.

1) હું તા.૦૯/૦૩/૨૦૨૫ ના રોજ સી.એચ.સી.ઘોઘંબા ખાતે મારી ફરજ પર હાજર હતો ત્યારે પો.કો.હર્ષદભાઈ રમણભાઈ બ.નં. ૮૭૮ રાજગઢ પો.સ્ટે.નાઓ ધ્વારા યાદી સાથે આરોપી અશ્વિનભાઈ રમેશભાઈ ડામોર ને મેડીકલ તપાસ કરવા માટે લાવવામાં આવેલા હતા જે યાદી આ કામે નિ. ૮/૨૫ થી રજુ છે જેને રજુ <u>દા.આંક-૩૫.</u>

2) આરોપીની શારીરીક તપાસ કરતા અગાઉ તેની સંમતિ લેવામાં આવી હતી અને તે અંગે તેણે અંગુઠાનું નિશાન કર્યુ હતું.તેની શારીરીક તપાસ કરતા અગાઉ તેઓ સભાનાવસ્થામાં હતા અને સહયોગ આપતા હતા અને તેઓની હિસ્ટ્રી પુછતાં તેઓના લખાવ્યા મુજબ હિસ્ટ્રી અક્ષરશઃ ગુજરાતી ભાષામાં લખી લીધી હતી જેમાં તેઓએ જણાવેલ કે "તેઓ ધોરણ ત્રણ સુધી અભ્યાસ કરેલ છે અને હાલમાં અભ્યાસ કરતા નથી અને તેઓ ભોગબનનાર ઉ.વ. ૧૭ વર્ષ ૦૫ માસ ૧૦ દિવસ રહે.વેલમડી ફળીયુ, મુ.દાઉદરા, તા.ઘોઘંબા, જી.પંચમહાલ અંદાજે ત્રણ વર્ષ પહેલાં ઓડ ગામે મજુરીકામ કરવાના સ્થળે પહેલીવાર મળ્યા હતા.ત્યારબાદ ઘરે દાઉદરા ગામે દુકાન બાજુ ભોગબનનાર ખરીદી કરવા આવ્યા હતા ત્યારે આરોપી ધ્વારા કહેવામાં આવ્યું હતું કે બકરા ચરાવવા દાઉદરાના જંગલમાં એકબીજાને મળીશું.ત્યારબાદ તેઓ જંગલમાં મળ્યા હતા.તે દરમ્યાન થોડી વાતચીત કરી બંનેની સંમતિથી ચુંબન કર્યુ હતું ત્યારબાદ તે જગ્યાએ આરોપીએ પોતાનો મોબાઈલ ભોગબનનારને આપ્યો હતો અને ત્યારબાદ તેઓ એક વર્ષ સુધી ટેલીફોનિક વાતચીત કરતા હતા.તે દરમ્યાન આરોપી અમદાવાદ તથા વડોદરા કામ કરવા જતો હતો.ત્યારબાદ આરોપી તેના કાકાના છોકરાને લગ્ન પ્રસંગ અર્થે ઘરે દાઉદરા આવ્યો હતો અને તેના બીજા દિવસે દાઉદરાના જંગલમાં

ભોગબનનારને મળવા બોલાવી હતી અને ત્યાં બંનેની મરજીથી શારીરીક સંબંધ બાંધવામાં આવ્યો હતો.આ બનાવ આજથી આશરે એક વર્ષ પહેલાંનો હતો".

